# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-12-2025** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*************************************************

1) કેન્દ્રીય મંત્રીમંડળે મહારાષ્ટ્ર અને ઓડિશામાં બે રાજમાર્ગ પરિયોજનાને મંજૂરી આપી

2) D.R.D.O-એ ઓડિશાના કાંઠાથી એક જ લૉન્ચરથી બે પ્રલય મિસાઈલ લૉન્ચ કરી

3) ભારતીય રિઝર્વ બૅન્કના ગવર્નરે કહ્યું , વૈશ્વિક પડકારો વચ્ચે પણ ભારતીય અર્થવ્યવસ્થા મજબૂત વિકાસ માટે તૈયાર.

4) નવા વર્ષને આવકારવા વિશ્વભર લોકોમાં અનેરો ઉત્સાહ

5) ગુજરાતમાં રમાયેલી વિજય હઝારે ક્રિકેટ ટ્રૉફીમાં હૈદરાબાદ સામે બરોડાનો વિજય

………………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# CABINET DECISIONS

કેન્દ્રીય મંત્રીમંડળે આજે છ લેન વાળા નાસિક-સોલાપુર કૉરિડોર અને ઓડિશામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 326ને પહોળા કરવાની બે રાજમાર્ગ પરિયોજનાને મંજૂરી આપી છે. આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ મહારાષ્ટ્રમાં છ લેનના ગ્રીનફિલ્ડ નિયંત્રિત નાસિક-સોલાપુર-અક્કલકોટ કૉરિડોરના નિર્માણને મંજૂરી આપી છે. 374 કિલોમીટરના રાજમાર્ગનાં નિર્માણ માટે અંદાજે 19 હજાર 142 કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે.

નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, આ પરિયોજના કુરનૂલને જોડતા નાસિક, અહિલ્યાનગર અને સોલાપુર જેવા મહત્વના શહેરને જોડશે.

(BYTE: ASHWINI VAISHNAW)

સરકારે ઓડિશામાં પણ NH- 326ની બાજુમાં બનેલા પાકી અને સમતળ પટ્ટી સાથે વર્તમાન બે લેનના વિસ્તરણ અને મજબૂત બનાવવા સંમતિ આપી છે. આ પરિયોજના માટે કુલ એક હજાર 526 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરાશે.

. . . . .

# DRDO MISSILES

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન – D.R.D.O-એ ઓડિશાના કાંઠાથી એક જ લૉન્ચરથી ત્વરિત અનુક્રમમાં બે પ્રલય મિસાઈલ લૉન્ચ કરી. આ ઉડાન પરીક્ષણ ઉપયોગકર્તા મૂલ્યાંકન પરીક્ષણના ભાગરૂપે કરાયું. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું, બંને મિસાઈલે તમામ ઉડાન ઉદ્દેશને પૂર્ણ કરતા ઇચ્છિત માર્ગનું પાલન કર્યું.

ચાંદીપુર સંકલિત પરીક્ષણ રૅન્જમાં તહેનાત ટ્રૅકિંગ સૅન્સરે આ અંગેની પુષ્ટિ કરી છે. ટર્મિનલ ઘટનાઓની પુષ્ટિ જહાજ પર લાગેલા ટૅલિમેટ્રી પ્રણાલિથી કરવામાં આવી. તેને ઇમ્પેક્ટ પૉઈન્ટ્સ પાસે તહેનાત કરાયું હતું. પ્રલય સ્વદેશી રીતે વિકસિત સુદ્રઢ આગળ ચલાવનાર કાયમી બૅલેસ્ટિક મિસાઈલ છે. તે વધુ સ્પષ્ટતા સુનિશ્ચિત કરવા આધુનિક માર્ગદર્શન અને નૌપરિવહનનો ઉપયોગ કરે છે.

આ મિસાઈલ અલગ-અલગ લક્ષ્ય સુધી અનેક પ્રકારના હથિયાર લઈ જવામાં સક્ષમ છે. તેને હૈદરાબાદના સંશોધન કેન્દ્ર ઇમારતમાં DRDOની બીજી પ્રયોગશાળાની સાથે મળીને બનાવવામાં આવી છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે ઓછા સમયમાં સતત મિસાઈલના સફળ પરીક્ષણ બદલ DRDO, વાયુસેના, સેના, જાહેર ક્ષેત્રના સંરક્ષણ ઉપક્રમ અને ઉદ્યોગોને શુભેચ્છાઓ પાઠવી હતી.

. . . .

# RBI GOVERNOR

ભારતીય રિઝર્વ બૅન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું, વૈશ્વિક પડકારો વચ્ચે પણ ભારતીય અર્થવ્યવસ્થા મજબૂત વિકાસ માટે તૈયાર છે. તેમણે કહ્યું , અસ્થિર અને પ્રતિકૂળ બાહ્ય પરિબળ હોવા છતાં ભારતની અર્થવ્યવસ્થા મજબૂત સ્થાનિક ઉપયોગ અને રોકાણના કારણે ઉચ્ચ વૃદ્ધિ નોંધાવે તેવી અપેક્ષા છે.

શ્રી મલ્હોત્રાએ R.B.I.નાં નાણાકીય સ્થિરતા અહેવાલ ડિસેમ્બર 2025ની નવી આવૃત્તિની ભૂમિકામાં લખ્યું કે, નાણાકીય સ્થિરતાને જાળવી રાખવા અને નાણાકીય પ્રણાલિને મજબૂત કરવી એ તેમનો માર્ગદર્શક સિદ્ધાંત છે.

શ્રી મલ્હોત્રાએ કહ્યું , નીતિ નિર્માતાઓનું સૌથી મહત્વનું યોગદાન એક એવી નાણાકીય વ્યવસ્થાને પ્રોત્સાહન આપવાનું છે , જે મજબૂત અને આંચકાઓ સામે સ્થિતિસ્થાપક હોય , નાણાકીય સેવાઓ પૂરી પાડવામાં કાર્યક્ષમ હોય અને જવાબદાર નવીનતાને પ્રોત્સાહન આપે.

. . . . .

# RAJNATH PRAN PRATISHTHA

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આજે અયોધ્યામાં રામ મંદિર પરિસરમાં આવેલા અન્નપૂર્ણા મંદિરના શિખર પર ધ્વજારોહણ કર્યું. તેમણે રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાની બીજી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલી વિશેષ પ્રાર્થના સભામાં પણ ભાગ લીધો.

(વોઈસકાસ્ટ – સુશીલ કુમાર)

આ પ્રસંગે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ ઉપસ્થિત રહ્યા હતા. અન્નપૂર્ણા મંદિર રામ મંદિર પરિસરના સાત મંદિરમાંથી એક છે. 25 નવેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રામ મંદિરના નિર્માણ કાર્યના ઔપચારિક સમાપન નિમિત્તે ભગવો ધ્વજ લહેરાવ્યો હતો. રામ મંદિર પરિસર પહોંચતા પહેલા શ્રી સિંઘ અને શ્રી આદિત્યનાથે હનુમાનગઢી મંદિરમાં પ્રાર્થના કરી. ઉલ્લેખનીય છે કે , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 22 જાન્યુઆરી 2024ના રોજ યોજાયેલા સમારોહમાં મંદિરમાં રામલલ્લાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી.

. . . . . . . . .

# PM AYODHYA ANNIVERSARY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશના અયોધ્યામાં ઉજવવામાં આવી રહેલી રામલલ્લાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાની બીજી વર્ષગાંઠ નિમિત્તે દેશવાસીઓને શુભકામનાઓ પાઠવી.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ આ પ્રસં ગને આસ્થા અને પરંપરાનો એક દિવ્ય ઉત્સવ ગણાવ્યો. પ્રધાનમંત્રીએ દેશ-વિદેશમાં રહેતા રામભક્તો તરફથી ભગવાન શ્રીરામને પણ નમન કર્યા.

. . . .

# NEW YEAR CELEBRATION

નવા વર્ષ 2026ને આવકારવા વિશ્વભરના લોકોમાં અનેરો ઉત્સાહ છે. અનેક દેશ અદભૂત દ્રશ્ય અને જૂની પરંપરાઓ સાથે નવા વર્ષનું સ્વાગત કરે છે , જે તમામ સ્થાનિક સંસ્કૃતિ , ભાગ્ય અને નવી શરૂઆત સાથે સંબંધિત માન્યતાને પ્રતિબિંબિત કરે છે. આ પળને ઉજવવાના સૌથી લોકપ્રિય પ્રકારમાંથી એક આતશબાજી છે.

ઑસ્ટ્રેલિયાના સિડની હાર્બરથી લઈ બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં કોપાકબાના દરિયાકાંઠા સુધી વિશ્વભરમાં વ્યાપક આતશબાજી આકાશને રોશન કરે છે. વિશ્વભરમાં લાખો લોકો નવા વર્ષને આવકારવા ભેગા થાય છે. ડૅનમાર્કમાં ઉત્સવ વધુ વ્યવહારિક રીતે ઉજવાય છે. એક લોકપ્રિય પરંપરા મુજબ મિત્રોના દરવાજા પર જૂની પ્લેટ તોડવામાં આવે છે. એવું મનાય છે કે , આ પરંપરા આગામી 12 મહિનામાં સારું ભાગ્ય લાવે છે.

તો, એટલાન્ટિક મહાસાગરને પાર ન્યૂયૉર્ક શહેર વિશ્વ ના સૌથી પ્રસિદ્ધ નવા વર્ષની પૂર્વ સંધ્યાના કાર્યક્રમમાંથી એકનું આયોજન કરે છે. ટાઇમ્સ સ્ક્વેરમાં પ્રતિષ્ઠિત બૉલ ડ્રૉપ જોવા મોટી સંખ્યામાં લોકો ભેગા થાય છે. તો ઍશિયાના કેટલાક ભાગમાં ધ્વનિ વર્ષના પ્રારંભનો સંકેત આપે છે. જાપાનમાં મંદિરના ઘંટ 108 વખત વગાડવામાં આવે છે.

. . . . .

# BANGLADESH KHALEDA ZIA

બાંગ્લાદેશનાં ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અને બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી – BNPનાં વડાં બેગમ ખાલિદા ઝિયાની અંતિમ વિધિ બાદ આજે ઢાકાના માનિક મિયા ઍવન્યૂમાં હજારો લોકો ઉપસ્થિત રહ્યા.

બાંગ્લાદેશનાં પહેલા મહિલા પ્રધાનમંત્રી ખાલિદા ઝિયાનું મંગળવારે અવસાન થયું હતું. તેમનાં નમાઝ-એ-જનાઝામાં મુખ્ય સલાહકાર પ્રૉફેસર મોહમ્મદ યુનુસ , વચગાળાની સરકારના સભ્યો , BNP નેતાઓ, અન્ય રાજકીય પક્ષના નેતા અને ત્રણેય સશસ્ત્ર દળના પ્રમુખ જોડાયા હતા.

જ્યારે ભારતના વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકર અને નેપાળ , શ્રીલંકા, પાકિસ્તાન તથા અન્ય દેશના પ્રતિનિધિઓ સહિત અન્ય વિદેશી અગ્રણી વ્યક્તિઓ અંતિમ શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યાં હતાં.

BNP સ્થાયી સમિતિના સભ્ય નઝરૂલ ઇસ્લામ ખાને પક્ષ તરફથી તેમનાં જીવનનો સંક્ષિપ્ત પરિચય વાંચ્યો. BNP-ના કાર્યકારી અધ્યક્ષ અને તેમનાં મોટા પુત્ર તારિક રહેમાને અંતિમ વિધિની નમાઝ પહેલા ઉપસ્થિત લોકોને તેમનાં માતા માટે પ્રાર્થના કરવા અપીલ કરી હતી.

જનાઝા બાદ ખાલિદા ઝિયાને પાટનગરના શૅર-એ-બાંગ્લા નગરમાં તેમનાં પતિ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ ઝિયાઉર રહેમાનની બાજુમાં દફનાવવામાં આવ્યાં હતાં.

. . . . . . . .

# VIJAY HAZARE TROPHY

વિજય હઝારે ક્રિકેટ ટ્રોફીમાં આજે હૈદરાબાદ સામે બરોડાની ટીમનો વિજય થયો. ગુજરાતના રાજકોટમાં રમાયેલી મૅચમાં હૈદરાબાદે ટૉસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરી હતી. બરોડાએ નિર્ધારિત 50 ઑવરમાં ચાર વિકેટ ગુમાવી 417 રન બનાવ્યા. જવાબમાં હૈદરાબાદની ટીમ 49 ઑવર પાંચ બૉલમાં 380 રન જ બનાવી શકી.

બરોડા તરફથી નિત્ય પંડ્યાએ 122 અને કૃણાલ પંડ્યાએ અણનમ 109 રન બનાવ્યા. જ્યારે 127 રન કરનારા અમિત પાસીને પ્લેયર ઑફ ધ મૅચ જાહેર કરાયા હતા. તો હૈદરાબાદની ટીમમાંથી અભિરથ રેડ્ડીએ 130 અને પ્રગ્યાય રેડ્ડીએ 113 રન બનાવ્યા હતા. બરોડાના ખેલાડી અતિત શેઠ અને મહેશ પિઠિયાએ ત્રણ-ત્રણ તથા કરણ ઉમટ અને રાજ લિમ્બાનીએ બે-બે વિકેટ લીધી હતી.

બેંગ્લોરમાં રમાયેલી અન્ય એક મેચમાં સૌરાષ્ટ્રની ટીમે આંધ્રની ટીમને હરાવી હતી. સૌરાષ્ટ્ર તરફથી પાંચ વિકેટ લેનારા અંકુર પંવારને પ્લેયર ઑફ ધ મૅચ જાહેર કરાયા હતા.

. . . .

# CBSE DATES

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બૉર્ડ – CBSE-એ ધોરણ 10 અને 12ની બૉર્ડની પરીક્ષાની નવી તારીખ જાહેર કરી છે. CBSE-એ જણાવ્યું, ધોરણ 10ની પરીક્ષા 11 માર્ચે અને ધોરણ 12ની પરીક્ષા 10 એપ્રિલે લેવાશે. અગાઉ આ બંનેની પરીક્ષા ત્રણ માર્ચે યોજાવાની હતી.

બૉર્ડે જણાવ્યું, વહીવટી કારણોસર તારીખમાં ફેરફાર કરાયો છે. CBSE-એ શાળાઓને આ મહત્વની સૂચનાને સંબંધિત વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ સુધી પહોંચાડવા અનુરોધ કર્યો છે.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . .